અપીલ અરજી નં.૬૫/૦૮–૦૯ તા. ૧૭–૬–૦૮

અરજદારઃ શ્રી ભરતભાઈ ભગવાનભાઈ પટેલ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી)

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ ભગવાનભાઈ પટેલની તા.૨૨–૫–૦૮ ની અરજી વરાછાઝોનમાંથી આરટીઆઈ સેલ/૬૩૨ તા.૨૩–૫–૦૮ સંબધિત જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે જેમાં સુરત શહેરમાં કેટલા પ્લાનો મંજુર કરવામાં આવ્યા તે મુજબ બાંધકામ થયેલ છે કે નહી,બીયુસી સર્ટીફીકેટવાળા કેટલા,પ્લાન મુજબના બાંધકામ ન થયા હોય તો તેની જવાબદારી કોની? તેની સામેના પગલાં ડીમોલેશન ખર્ચ વસુલ કરવામાં આવે છે ચાર્જ નકકી કરવાની કઈ રીત અને ધારાધોરણ રસ્તા પરના દબાણોની જવાબદારી અને ટ્રફિક પોલીસ દબાણો દુર કરી શકે કે કેમ? વિગેરે બાબતે મુદ્દા નં.૧ થી ૭ થી માંગવામાં આવેલી માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭–૬–'૦૮ ની અપીલ અરજી નં.૬૫/–૦૮–૦૯

શ્રી ભરતભાઈ ભગવાનભાઈ પટેલની તા.૨૨–૫–૦૮ ની અરજી વરાછાઝોનમાંથી આરટીઆઈ સેલ/૬૩૨ તા.૨૩–૫–૦૮ થી સંબધિત જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે જેમાં સુરત શહેરમાં કેટલા પ્લાનો મંજુર કરવામાં આવ્યા તે મુજબ બાંધકામ થયેલ છે કે નહી,બીયુસી સર્ટીફીકેટવાળા કેટલા,પ્લાન મુજબના બાંધકામ ન થયા હોય તો તેની જવાબદારી કોની? તેની સામેના પગલાં ડીમોલેશન ખર્ચ વસુલ કરવામાં આવેલ છે ચાર્જ નકકી કરવાની કઈ રીત અને ધારાધોરણ રસ્તા પરના દબાણોની જવાબદારી અને ટ્રફિક પોલીસ દબાણો દુર કરી શકે કે કેમ? વિગેરે બાબતે મુદ્દા નં.૧ થી ૭ થી માંગવામાં આવેલી માહિતી બાબતે પત્ર નં.ટીડીઓ/૯૯૭ તા.૧૩–૬–૦૮ થી શહેરી વિકાસ તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અન્ય તમામ ઝોન પૈકી લીંબાયત ઝોન પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૨૪ તા.૧૬–૬–૦૮ થી ડે.કમિશ્નર (હેઅનેહો), અઠવાઝોન પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૫ તા.૨૦–૬–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૩૨ તા.૨૦–૬–૦૮ થી ઝોનલચીફ અને જોહર માહિતી અધિકારી, પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૨૫૮ તા.૨૧–૬–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, પત્ર સે.ઝોન નં.રાઈટ ટુ ઈન્ફરેમશનસેલ સે.ઝોન/આ.નં.૩૧૪ તા.૨૦–૬–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,કક્ષાએથી અરજદારને માહિતી મોકલ્યાનું અત્રે મળેલ નકલોના આધારે જણાયેલ અન્ય રાંદેરઝોન અને ઉધનાઝોન તરફથી કોઈ માહિતી મળેલ ન હતી. પરંતુ અરજદારે અપીલ અરજીમાં ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેરી વિકાસ ધ્વારા અપાયેલા નં.૨ થી ૬ સુધીની માહિતી સામે નારાજગી દર્શાવી એપેલેટ ઓફિસરને તા.૧૭–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો આપેલ માહિતીમાં કોઈ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૭ તા.૨૫–૬–૦૮ ના રોજ તમામ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, ડાયરેકટર ઓફ પ્લાનીંગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને લીંબાયત ઝોનની પૂરક માહિતી સા.ઈ.ઝોન/મહેકમ/૧૩૪૫ તા.૧–૭–૦૮ ના રોજ અત્રેના વિભાગને મળેલ. ટીડીઓ/૧૨૪૦ તા.૧–૭–૦૮ થી નોંધ વિભાગની માહિતી મળેલ. જયારે અન્ય ઉધના ઝોન તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૨૬૦૫ તા.૧૯–૬–૦૮ થી માહિતી પૂરી પાડેલ છે. જયારે અન્ય ઝોન રાંદેર તરફથી કોઈ માહિતી કે પૂરક માહિતીની વિગતો પૂરી પાડવામાં આવેલ નથી.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી નં.ટીડીઓ/૯૯૭ તા.૧૩–૬–૦૮ થી અરજદારને આપેલ જવાબના મુદ્દા નં.૨ થી ૬ અંગે નારાજગી વ્યકત કરેલ છે જે અંગે અરજદારને નં.આરટીઆઈ સેલ/૨૪૭ તા.૨૫–૬–૦૮ના રોજ અપીલના મુદ્દાઓ અંગે આધાર પુરાવા રજુ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ પરંતુ તે અંગે આજ દિન સુધી કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. અરજદારને રાંદેર ઝોન સિવાય તમામ ઝોન અને મધ્યસ્થ શહેર વિકાસ તરફથી માંગવામાં આવેલી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં લીંબાયત ઝોન તરફથી મુદ્દા નં.૫ ની વિગતો ડાયરેકટર ઓફ પ્લાનીંગના પરીપત્ર નં.ટીડીઓ/૪૫૫૮ તા.૧૮–૧–૦૮ ડીમોલેશન ચાર્જ અંગેના દરોની માહિતી અરજદારને સા.ઈ.ઝોન/મહેકમ/૧૩૪૫ તા.૧–૭–૦૮ ની પૂરક માહિતીમાં અરજદારને પૂરી પાડેલ જણાય છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૨–૫–૦૮ની અરજીથી માંગ્યા મુજબ ની મુદ્દા નં. ૨ થી ૬ પૈકી અપીલમાં શહેરી વિકાસ ખાતાના મુદ્દા નં.૨ થી ૬ ની નારાજગી બાબતે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. પરંતુ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેરી વિકાસે અરજદારને પૂરી પાડેલ માહિતી જોતાં મુદ્દા નં.૩ માં અરજદારે માંગેલી સંખ્યાની વિગતો પૂરી પાડેલ નથી. ઉપલબ્ધ દફતરી માહિતી અનુસાર સદર માહિતી આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,મધ્યસ્થ કચેરી......જાણ તથા અમલ માટે
(૨)શ્રી ભરતભાઈ ભગવાનભાઈ પટેલ,